

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સૂત્રોની સમજ વિના ભૂલકાં શોર મચાવે છે;*
*ને પ્રભાતફેરીથી ‘બે પીપરમેન્ટ’ પચાવે છે!*
*ગજાવે ‘વંદન’ લખેલાં ભાષણો વાંચી નેતાઓ -*
*બૂંદ ગંગાજળે ડચકતી લોકશાહી બચાવે છે.*

### હાઈકુ

*મરવા પડી,*
*માંદલી લોકશાહી -*
*ધો ગંગાજળ!*

*બોલી ન શકે*
*માથે ચિંતાનો ભાર!*
*રડે ચૂંટણી!*

*(જીભ તાળવે, ચોંટી, પંચનું મૌન)*

### ચિંતન

**પરોઅપિ ચ હિતો બન્ધુઃ ।**

ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અપરિચિત માનવી જો આપણો હિતેચ્છુ હોય તો તે આપણા બાંધવ સમાન છે.

આપણું ભલું ઈચ્છનાર વ્યક્તિ ભલે આપણી સ્વજન કે સંબંધી ના હોય તો પણ તે આપણા સગાભાઈ સમાન છે. ઉપકાર કરનારી વ્યક્તિ આપણા સ્વજન કરતાંયે ચડિયાતી છે.

એક કહેવત છે ‘પહેલું સગું પડોશી’ જયારે સગાં-સંબંધી દૂર હોય (અંતરથી કે માપના અંતરથી) ત્યારે પ્રેમ-લાગણીના સંબંધથી બનેલાં સ્નેહીજન જ લાગણી સંબંધે ‘ફરજ’ બજાવી નિષ્ઠાપૂર્વકની બિનસ્વાર્થી સેવા કરે છે. સ્નેહ-મૈત્રી સંબંધો વધારે મદદરુપ થાય છે.

### સુવિચાર

- પતિપત્ની એકબીજા ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે ઝઘડે એ એટલું જ ભયાનક છે જેટલું ફૂટતા બોંબને પકડવા માટે લડવું - **સંત રોબિન**
- આખી જિંદગી ભત્રીજા પાસે ચાકરી કરાવી અને મરતી વખતે બધી મિલ્કત છોકરાને આપી દીધી! એ બુદ્ધિનો આશય - **ડો. નીરુબહેન અમીન**
- બુદ્ધિ છે ત્યાં સુધી સંસાર છ ને બુદ્ધિ ગઈ એટલે સંસાર ખલાસ થઈ જાય,
  બુદ્ધિ છે ત્યાં સુધી ચંચળતા છે, ને ચંચળતા ગઈ તો થઈ ગયા ભગવાન - **બોધિવૃક્ષ**
- તમે સત્યને પિછાણો અને સત્ય તમને સ્વતંત્ર કરશે - **રમણ મહર્ષિ**
- ધર્મ અમારો એક માત્ર એ સર્વધર્મ સેવા કરવી, ધ્યેય અમારું છે વત્સલતા,
  વિશ્વ મહીં એને ભરવી - **સંત બાલ**
- જો દેશનો દરેક નાગરિક પોતાના દેશનું ગૌરવ ન કરતો એ દેશને
  એ સમાજ કદી કલ્યાણ સાધી શકે નહીં - **યજુર્વેદ**
- આજનું ઔષધ : સવાર-સાંજ એક-એક ગલાસ મૂળાના પાનનો રસ પીવાથી પેશાભ છૂટથી થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આઈઝન હોવર અમેરિકાના પ્રમુખ બન્યા તે પહેલાં બન્યા તે પહેલાં તેઓ એક સફળ સરસેનાપતિ પુરવાર થયા. તેની પહેલાં તેઓ યુરોપનાં રાષ્ટ્રોના જર્મની સામેના જંગમાં તેઓ સફળ સેનાપતિ પુરવાર થયા હતા. તેની પણ પહેલાં તેઓ લશ્કરી કૉલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા. લશ્કરી કૉલેજમાં તેઓ છવ્વીસ વર્ષથી અધ્યાપક હતા. એ દરમિયાન એમને કોઈ બઢતી મળી ન હતી અને સૌ સાથી તથા મિત્રો તેમની મજાક ઉડાવતા. એક દિવસ ચમત્કાર થયો. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ અમેરિકન સેનાપતિઓની કંગાળ કામગીરીથી રોષે ભરાઈને બધા જ સિનિયર લશ્કરી અધિકારીઓનું લિસ્ટ મંગાવ્યું. પ્રમુખે જાતે જ જુદી જુદી યુદ્ધભૂમિના માટે સેનાપતિઓની પસંદગી કરતા હતા. એ લિસ્ટમાં આઈઝન હોવરનો ૨૦૦મો ક્રમાંક હતો. મતલબ એમનાથી પણ ૧૯૯ જણા સિનિયર હતા. રૂઝવેલ્ટે સાવ અજાણ્યા એવા આઈઝન હોવરના નામ પર ખરાની નિશાની કરી અને સ્ટાફને કહ્યું, ‘બોલાવો આ વ્યક્તિને! અને ખરેખર યુદ્ધનાં કોઈ અનુભવ વગર આઈઝન હોવરને યુરોપિયન તખ્તાનો સૂબો બનાવવામાં આવ્યો. અને તેમને જર્મની સામેના યુદ્ધમાં તેમનું કુશળ અને સફળ નેતૃત્વ સાબિત કર્યું.’ આઈઝન હોવરે એમની આત્મકથામાં નોંધ્યું છે કે ‘જયારે સર્વોચ્ચ સ્થાન મારી પાસે આવ્યું ત્યારે મને ભાન થયું કે હું માત્ર એક દોકડા માટે ફાંફાં મારી રહ્યો હતો અને જયારે એ દોડકો મળતો ન હતો ત્યારે હું મારા કિસ્મત અને દુનિયાને ગાળો ભાંડતો હતો. કુદરતે મને દોકડો મળવા ન દીધો, કેમ કે કુદરતે મને સોના મહોર આપવા માંગતી હતી.’

# દ્રવિડ પ્રદેશ પર કૃપાવૃષ્ટિનું રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

કયારેક બહુમતિ સિદ્ધ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ ચાતક નજરે દખ્ખણ દેશનાં સામ્રાજ્ઞીની કૃપા માટે દૃષ્ટિ માટે વલવલતા હતા. જયલલિતાની ‘ચિઠ્ઠી’ - સમર્થનનો પત્ર આવશે એવી આશા આખરે ઠગારી નીવડી હતી અને અને છેક હોઠ લગી આવેલો વડાપ્રધાન પદનો પિયાલો ઢોળાઈ ગયો હતો. દક્ષિણ ભારતમાં તમિળનાડુનું રાજકારણ આખા દેશ કરતાં અલગ દિશામાં ચાલતું રહ્યું છે. મોટું રાજય હોવાથી એનું ખાસ્સું વજૂદ પણ રહે છે. વળી ઉત્તર ભારત સામે હંમેશા શિંગડાં ભરાવતા રહેતા આ દ્રવિડ લોકને પંડિત નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીના તમામ રાષ્ટ્રીય નેતાઓ પંપાળતા રહ્યા છે. રાજીવ ગાંધીએ સલામતી રક્ષકોની સલાહ અવગણીને તમિળ મહિલાઓને પોતાની નજીક આવવા દીધી - એનો ફૂલહાર એમને જીવલેણ નીવડેલો. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે બંધારણ વેળાએ જ સ્વીકૃતિ મળી ગઈ હોત પરંતુ તમિળ ભાષાને સંસ્કૃતથી પણ પ્રાચીન માનતા તમિળ નેતાઓએ ઊહાપોહ મચાવી પંડિત નહેરુને મજબૂર કરી દીધાં હતા. તમિળ ભાષી નેતાઓ સાથે કન્નડ અને તેલુગુ - મલયાલમ ભાષી પણ જોડાઈ જતાં દેશને એની રાષ્ટ્રભાષા ન મળી શકી. એક સમયે સી. રાજગોપાલાચારી ઉર્ફે રાજાજી રાષ્ટ્રના સર્વોચ્ચ નેતાઓની પગંતમાં બેસતા હતા અને ગાંધીજીએ તો એમને વેવાઈ બનાવ્યા હતા. વાઈસરોયની વિદાય પછી તેઓ દેશના પ્રથમ હિંદી ગર્વનર જનરલ બન્યા હતા. તમિળ દેશમાં કોંગ્રેસ સામે ઝંડો ઉઠાવનાર પ્રાદેશિક અસ્મિતાના પુરસ્કર્તા પેરિયાર અને એમના અનુગામી નેતાઓ કાળક્રમે ત્યાંથી કોંગ્રેસનો એકડો કાઢી નાખવામાં સફળ રહ્યા હતા. કોંગ્રેસ તો બિન સાંપ્રદાયિક વિચારધારા ધરાવતી પાર્ટી હતી. ભારતીય જનતા પાર્ટી રામમંદિર અને રામસેતુની સમર્થક પાર્ટી છે. એથી એને પેરિયારના ચેલાઓ કે જેઓ રામને જૂતાંના હાર પહેરાવતા રહ્યા છે તે ન જ સ્વીકારે તે સમજી શકાય તેમ છે. છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને રાજી કરવાનો જુગાર ખેલ્યો છે. જયલલિતાની પાર્ટી એઆઈડીએમકે એમના સ્થાનિક પ્રતિસ્પધી કરુણાનિધિના નેતૃત્વવાળા ડીએમકે પક્ષની વિરુદ્ધ એનડીએ સરકારનું શરતી સમર્થન કરતી રહી. જયલલિતાના વિવાદાસ્પદ મૃત્યુ પછી પાર્ટી વેરવિખેર હોવા છતાં તેનાં બેઉ આંતરિક જૂથ કેન્દ્રની કૃપાથી સત્તાનો સ્વાદ માણી રહ્યાં છે. ડીએમકેનું સમર્થન મેળવવા મોદી બીમાર કરુણાનિધિને મળવા ગયા હતા પણ તે તમિળ વ્યાઘ્રે કોઠું નહોતું આપ્યું. પ્રણવ મુખર્જીની જેમ કરુણાનિધિ ‘ભારતરત્ન’ આપીને કદાચ એમના અનુયાયીઓને પીગળાવી શકાયા હોત પરંતુ એમ કરવા જતાં હાથવગા અન્ના દ્રવિડ મુનેત્ર કળગમના સમર્થક સંદર્ભે તકલીફ પડે એમ હતી. આખરે કોચીમાં દેશની સૌથી મોટી રિફાઈનરી અને મદુરાઈમાં એઈમ્સ ઉપરાંત ત્રણ મેડિકલ કૉલેજોમાં સુપર સ્પેશિયાલિટી બ્લોકની ખેરાત કરી વડાપ્રધાને ઈતિશ્રી માની લીધી છે. પોતાની સામે વિપક્ષો એકજૂટ થઈ રહ્યા છે ત્યારે દક્ષિણની સુજ્ઞ પ્રજા પોતાને તારશે - એવી આશા સાથે એમનો સબરીમાલા મંદિરમાં પ્રણાલિકાભંજનના કેરળ સરકારના નિર્ણયનો પણ જાહેરમાં વિરોધ કર્યો છે. હકીકતમાં અય્યપ્પાનાં દર્શન કરવાનો મહિલાઓને પણ સમાન અધિકાર હોવો જોઈએ એવો ઉદાર અભિગમ અપનાવી સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદા અને આદેશનો જ કેરળની ડાબેરી સરકાર અમલ કરી રહી છે.

# લોકકલાની ઉપાસનાથી ઉજ્જવળ લોકજીવનના દીવડા



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની સવારે અમદાવાદના વિજય ચાર રસ્તા નજીક આવેલ પ્રોફેસર્સ કૉલોનીના ‘સજ્જન સ્મૃતિ’ બંગલામાં મીડિયાના મિત્રોની અને શુભેચ્છકોની ભીડ હતી. લોકકલાવિદ જોરાવરસિંહ જાદવને પદ્મશ્રી એવોર્ડ મળ્યો એ માટે શુભેચ્છા પાઠવવા સહુ આવી રહ્યા હતા. ત્યારે વારે વારો જોરાવરસિંહ એક વાત કહેતા હતા કે મને જગતના ચોકમાં મુકી આવ્યો છે...’ સાહજિકરૂપે વ્યક્ત થતી એમની નમ્રતા પર સહુ ઓવારી ગયા હતા. કસુંબલ રંગના કસબી સર્જક, લોકવિદ્યા, લોકસાહિત્ય, લોકસંગીત, લોકકલા, લોક સંસ્કૃતિના ઉપાસક જોરાવરસિંહ જાદવ એક વ્યક્તિ નથી હરતી ફરતી યુનિવર્સિટી છે, સ્વયં એક સંસ્થા છે.

ભાલ પ્રદેશમાં ધંધુકા તાલુકામાં આવેલા આકરુ ગામમાં તારીખ ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ જન્મ થયો પુત્ર રત્નનો, દુબળા-પાતળા બાળકનું નામ જોરાવરસિંહ રાખ્યું. ગામડા ગામની ધૂળમાં બાળપણ વીત્યું અને એ જ ગામડાની આબોહવાના ઉછેરને કારણે આગળ જતા જોરાવરસિંહ લોકસાગરના મસ્ત મરજીવા બનીને પાણીદાર મોતી મૂલવનાર પરખંદા ઝવેરી બન્યા.

આરંભે ધોળકામાં અને પછી અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો - પછી જોડાયા સેન્ટ ઝૅવિયર્સ કૉલેજમાં. ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધાર વાંચી અને લોક સાહિત્યનો - લોકજીવનનો નાંદ ગુંજ્યો... તે આજે એમને પદ્મશ્રી એવોર્ડ મેળવવા સુધી લઈ ગયો. લોકકળાના અને લોક કલાકારોના ભેખધારી એ વર્તમાન સમયમાં - સામા પ્રવાહે તરીને પણ લોકકળાને જીવંત રાખવાનું મુઠ્ઠી ઊંચેરું કામ કર્યું છે.

‘ગુજરાત લોકકલા ફાઉન્ડેશન’ નામની સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ કલાકારોને એમને દેશ-વિદેશમાં પોતાની કલા રજૂ કરવા તક આપી છે. ગુજરાત અને અન્ય રાજયોના લોક કલાકારો અને લુપ્ત થતી લોકકલાના કસબીઓને લોકસમૂહ સુધી પહોંચાડવાનું મહામુલું કામ કર્યું છે જોરાવર સિંહે.

સૌથી વધુ પુસ્તકો અને એટલી જ સંખ્યાના રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સન્માન અને એવોર્ડ્ઝ મેળવનાર જોરાવરસિંહ માટે દુહામાં લખાયું છે કે પુણ્યશાળી પ્રગટ થયા,

ગરીબના
પ્રતિપાળ,
આકરુ ગામ ઉજાળિયું,
ધન્ય ધન્ય અવતાર

લોકકલાકારો અને એમના ચાહકો એમને ‘બાપુ’ ના નામે આદરથી ઓળખે છે - બોલાવે છે. એમની કલા સાધનાથા પરિણામે દેશ-વિદેશમાં લોકકલાના કાર્યક્રમો માણનારો વર્ગ ઊભો થયો છે.

લોકકલા ફાઉન્ડેશન દ્વારા નિયમિતરૂપે લોકકલાકારોને રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારો આપીને પુરસ્કાર કરાય છે. આ સંસ્થાના કારણે જ વાદી-મદારી-બહુરૂપી-ભવીના કલાકારો દેશ-વિદેશના મોટા ઉત્સવોમાં પહોંચ્યા છે.

એમના ‘સજ્જન સ્મૃતિ’ નામના ઘરમાં પગ મુકો ત્યારથી જ તળપદુ સૌંદર્ય ઊડીને આંખે વળગે છે. અનેકવાર એ ઘરમાં જઈને લોક કલાની સાહિત્યની વાતો કરવાનો, કેમેરામેન મિત્ર હર્ષેન્દુ ઓઝા સાથે એની કલાત્મકતાને કેમેરામાં કંડારવાનો અવસર મળ્યો છે અને સ્ટેજ પર જોરાવરસિંહ સાથે અનેકવાર કલા પ્રસ્તુતિ કરવાનો અવસર મળ્યો છે એનો અનહદ આનંદ છે.

લોકકલાના આવા ઉપાસકના સમર્પણથી જ લોકજીવનના દીવડા આજેય પ્રગટે છે ને એના અજવાળા રેલાય છે.

# ધર્મો રક્ષતિ રક્ષિતઃ ની જેમ ભાષા રક્ષતિ રક્ષિતઃ






**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

મેં ‘ડિર્’ પત્રિકાનું સંપાદન કાર્ય કેવી કટોકટીમાં પણ ન ત્યજ્યું તેની પાછળનું કારણ તું જાણે છે ? કારણ કે એક બહુ મોટો હિબ્રૂ ભાષા પ્રેમી વર્ગ આ પત્રિકા વાંચતો હતો, જયારે તમારે ત્યાં ‘સુધર્મા’ એક માત્ર સંસ્કૃત દૈનિક ચલાવવાનો યજ્ઞ કરતા સંસ્કૃત પ્રેમી સાધકોને તમે કેટલી સહાય કરી ?

બીજી પરદેશી ભાષાઓ શીખવા માટેની હોડ લગાવનારા તમે બધા સંસ્કૃતને તો સાવ જ વિસરી ચૂક્યા હતા. એક સમય હતો જયારે મારી હિબ્રૂ ભાષાની હિમાયતના કારણે ચર્ચમાં ધર્મદ્રોહી સમજીને મારા જ યહૂદી બંધુઓએ વિરોધ પ્રદર્શન રૂપે પ્રાર્થના મંદિરમાં કાળી મીણબત્તીઓ પ્રગટાવી હતી, જયારે સમય આવ્યે તે જ યહૂદીઓએ રાજપ્રતિનિધિ સર હર્બર્ટ સેમ્યુઅલ સંમુખ હિબ્રૂ ભાષામાં જ પ્રાર્થના કરી રહ્યા હતા. સમય ચોક્કસ બદલાય છે બસ, યત્નરત્ રહેવું પડે.

પ્રાર્થના મંદિરમાં ‘તોરા’ ધર્મગ્રંથનું જે રીતે વાંચન થતું હતું, તે પંક્તિઓ હિબ્રૂમાં જ હતી. બીજી મહત્ત્વની પદ્ધતિ અમે એ અપનાવી હતી કે સમાજના ઉચ્ચ વર્ગમાંથી આવતા વિશિષ્ટ વ્યક્તિઓ ખ્યાતનામ હોદ્દેદારોને હિબ્રૂ ભાષામાં બોલવા માટે પ્રેરિત કર્યા. અમારા અઢળક પ્રયત્ન પછી સર હર્બર્ટ સેમ્યુઅલ જેવા ઘણાં બધાં સમાજના ખ્યાતનામ વ્યક્તિઓએ હિબ્રૂ ભાષાને વ્યવહારમાં અપનાવી લીધી. ‘મહાન લોકો જે માર્ગે જાય એ જ યોગ્ય માર્ગ છે.’ એ વચન સાર્થક બન્યું, પછી તો બધા જ લોકો હિબ્રૂ ભાષાનો અભ્યાસ કરવા લાગ્યા. હિબ્રૂ ભાષા શિક્ષકોની અછત ઊભી થઈ ગઈ એ હદે ભાષા શીખવાનો પ્રવાહ આવ્યો. અનેક લોકોના નિત્ય વ્યવહારમાં જયારે હિબ્રૂ ભાષા આવી તો નવા હિબ્રૂ શબ્દોની અછત વર્તાવા માંડી, અને લોકો નવા શબ્દો માટે મારી પાસે પહોંચ્યા. ‘પત્રાલય’ માટે કયો શબ્દ પ્રયોગ કરવો જોઈએ ? ‘ખિલૌના’ ને હિબ્રૂમાં શું કહેવાય ? આ જિજ્ઞાસાને સંતોષવા માટે મેં અહર્નિશ કાર્ય કરીને કોશનું નિર્માણ કર્યું.

અને એક વાત યાદ રાખજે કયારેય ભાષાને બચાવવાનો ઝંડો લઈને ફરવાનો અહં મનમાં ન આણતો. તું ભાષા બચાવવા નથી નીકળ્યો, તું તો સ્વયં ને બચાવવા નીકળ્યો છે. તમારી દેવભાષા અમર છે, તેને બચાવવાની નહીં સંવર્ધિત કરવાની તારી જવાબદારી છે. ॥ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ॥

૧૯૨૨માં મારા મૃત્યુ પૂર્વે મેં એક સ્વપ્ન નિહાળ્યું હતું, બે હજાર વર્ષોથી વ્યવહારથી દૂર એવી હિબ્રૂ ભાષાને લોકવ્યવહારમાં પુનઃ લાવવાનું સપનું - એ સ્વપ્ન પૂર્ણપણે સાકાર થયું. જો કે તે સમયે દેશ આઝાદ થયો નહોતો... પરંતુ હિબ્રૂ ભાષા પર્યાપ્તરૂપે વ્યવહારમાં આવી ચૂકી હતી.

દોસ્ત, હું તને આ બધું આત્મપ્રશસ્તિ માટે નથી કહી રહ્યો, હું તને સમજાવવા માંગુ છું કે દેશ સ્વતંત્ર થાય તે પહેલા જ અમે એક એવું મોકળું મેદાન રચી દીધું હતું કે, દેશની સત્તા જેવી અમારા હાથમાં આવે કે તરત જ હિબ્રૂ પ્રચૂર વાતાવરણની અસર હેઠળ નવું બંધારણ જ તે મતલબનું ઘડાય...

તમારે ત્યાં આનાથી બિલકુલ વિપરીત થયું... અંગ્રેજી બાહુલ્ય પ્રભુત્વ ધરાવતા લોકો વચ્ચે દેશ આઝાદ થઈ ગયો પરંતુ, ભાષા ઉત્થાન માટે કોઈએ રૂચિ દર્શાવી નહીં, અમે હિબ્રૂના ઉત્થાન માટે વીણી વીણીને ઉચ્ચ સ્થાન પર બિરાજમાન વ્યક્તિઓને સૌ પ્રથમ હિબ્રૂભાષાના ઘેલા કર્યા હતા...

જયારે તમારે ત્યાં તો આઝાદી પછીના તરતના વર્ષોમાં અગાઉ કહ્યું તેમ સંસ્કૃતનો તો કાંકરો જ કાઢી નાખવામાં આવ્યો... ઉર્દૂ અને ફારસી શબ્દોથી બહુલ પ્રમાણમાં સજ્જ તેવી હિન્દી ભાષાને ‘રાષ્ટ્રભાષા’ નો દરજ્જો આપ્યો તે વખતે ડૉ. ભીમરાવ આંબેડકરે સંસ્કૃતને ‘રાજભાષા’ તરીકે સ્થાપિત કરવાનું સૂચનને તમે સૌ એ જો માન્ય રાખ્યું હોત તો આજે દક્ષિણ ભારતમાં હિન્દીને સ્વીકૃતિ નથી મળી તેવું ન થાત... કારણ કે સંસ્કૃત ભાષા ભારત દેશની દરેક પ્રાદેશિક ભાષાઓની ગંગોત્રી છે. કન્નડ, મલયાલમ, તેલુગુ જેવી ભાષાઓ સીધી સંસ્કૃતમાંથી જ આવી છે, શું તને લાગતું કે જો સંસ્કૃત બહુલ વાતાવરણ આઝાદી પછી તરત જ થયું હોત તો તમે આ ભાષાવાદના ચક્કરમાંથી પણ બચી શકત...

પરંતુ નિરાશ થવાની જરાય જરૂર નથી, તારો અને મારો ભેટો જે પુસ્તક ‘ભુવમાનીતા ભગવદ્ભાષા’થી થયો તે પુસ્તક સંસ્કૃતમાં જ લખાયું છે. જેનો હિન્દી અને ત્યારબાદ ગુજરાતીમાં ‘ધરાતળે પ્રગટી ભગવદ્ભાષા’ નામે થયો છે, શું આ બાબત ગૌરવપ્રદ નથી ? કે હિબ્રૂ ભાષા માટેની મશાલ જગવનાર એવા ‘એલિસર બેન્યહૂદ’ એટલે કે મારી આત્મકથા સંસ્કૃત જેવી પવિત્ર દેવભાષામાં પ્રગટ થાય.

તમારી ભૂમિ તો પવિત્રતાની મૂરત છે. સંસ્કૃત ભાષા માટે અહર્નિશ ચિંતા સેવનારી સંસ્થાઓ ભલે આંગળીના વેઢે ગણાય તેટલી જ હોય પરંતુ તેમના પ્રયત્નોમાં મણા જરા પણ નથી.

માતૃભાષા માટે પણ સતત ચિંતા કરતી સંસ્થાઓ તમારે ત્યાં કાર્યરત છે જ. હા એ વાત સાચી કે કેટલાક માત્ર દેખાવ ખાતર નામના મેળવવા માટે જ આગળ આવતા હોય છે, પરંતુ જૂજ એવા પણ છે જે ભાષા ઉત્થાન માટે મચી પડ્યા છે. આવશ્યકતા છે કર્મઠ સૈનિકોની જે અહર્નિશ માતૃભાષા-દેવભાષાની ચિંતા કરે અને તેનો વ્યાપ વધારે...

લાગે છે કે આટલા વિશાળ પ્રત્યુત્તરથી તને માર્ગદર્શન મળ્યું હશે, હવે મને તારો પ્રતિસાદ એવી રીતે આપ કે હું અહીં બેઠાં બેઠા ઈઝરાયેલની જેમ ભારતને પણ તેની પુરાતન ગૌરવપૂર્ણ ભાષા વ્યવહારમાં બોલતી સાંભળી શકું.

લી. એલિસર બેન્યહૂદ

-jayuoza@gmail.com,
Mo. 9898046488

# પ્રજાસત્તાક દિને વિવિધ ટેબ્લો સ્વરૂપે પ્રતિવર્ષ નવી દિલ્હીમાં ખડુ થાય છે ‘મીની ભારત’



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પ્રજાસત્તાક દિવસની ઉજવણી એટલે દેશની આન, બાન અને શાનનું પૂરી તાકાતથી પ્રસ્તુતિકરણ. રાષ્ટ્રભરના તમામ નાના મોટા શહેરો અને ગામોમાં આ રાષ્ટ્રીય પર્વ દેશદાઝ અને ભરપુર રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે ઉલ્લાસપૂર્વક ઉજવાતો હોય છે. તેમાંય વળી દેશના પાટનગર નવી દિલ્હીમાં તો પ્રજાસત્તાક પર્વની ઉજવણીના માહોલની વાત જ અનોખી હોય છે. દેશના વિભિન્ન પ્રાંતોની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક બાબતો ઊપરાંત સૈન્યની અવનવી તાકાતના દર્શન દેશ અને દુનિયાને ટેબ્લોના માધ્યમ દ્વારા થતા હોય છે.



દર વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી એમ બે મહિના દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા કેમ્પસમાં ટેબ્લો નિર્માણનું કાર્ય શરૂ થઈ જતું હોય છે. આરઆર કેમ્પસ તરીકે ઓળખાતા આ રાષ્ટ્રીય રંગશાલાના વિશાળ મેદાનમાં વિવિધ રાજ્યોના અધિકારીઓ તેમના રાજ્યના કલાકારોને લઈને ટેબ્લો નિર્માણની કામગીરીમાં લાગી જતા હોય છે. આ મેદાનમાં ટેબ્લો નિર્માતાઓ માટે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા હોસ્પિટલ, ‘સાંજા ચૂલા’ એટલે કે ભોજનાલય, જીવન જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી માટે મિલિટરી કેન્ટીન, રહેવા માટે ટેન્ટસ વગેરેની સવલત ઊભી કરવામાં આવતી હોય છે.

પ્રજાસત્તાક દિનની પરેડમાં ટેબ્લોનું અદકેરૂં મહત્વ હોય છે. દેશના વિવિધ રાજ્યોના અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ટેબ્લો દ્વારા ભાતીગળ ભારતની સાંસ્કૃતિક વિરાસતનો નજારો નવી દિલ્હીના રાજમાર્ગ ઉપર શાનદાર રીતે જોવા મળે છે. સામાન્ય રીતે દર વર્ષે રાજ્યો તેમના પ્રદેશની મહત્વપૂર્ણ સાંસ્કૃતિક વાતનો વિષય તેમના ટેબ્લોમાં પ્રસ્તુત કરતા હોય છે. આ વર્ષે ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ રાજ્યોને સૂચન કર્યુ હતું કે, પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગાંધીજીએ તેમના પ્રદેશમાં કરેલા કાર્યોની વાત પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં વિવિધ ટેબ્લો સ્વરૂપે રજૂ કરીને ગાંધીજીને દેશભરમાંથી અભૂતપૂર્વ કાર્યાંજલી અને આદરાંજલી આપવાનું ઉમદા કાર્ય કરી શકાય. દેશના તમામ રાજ્યોએ વડાપ્રધાનશ્રીના આ સૂચનને હોંશે હોંશે વધાવી લીધું. જેના પરિણામ સ્વરૂપે આ વર્ષે ૨૦૧૯માં પ્રજાસત્તાક દિનની પરેડમાં ગાંધીજીએ દેશભરમાં કરેલા કાર્યોની સ્મૃતિ નવી દિલ્હીના રાજમાર્ગ ઉપર તાજી થઈ. આ વર્ષે ગુજરાત રાજ્યનો ટેબ્લો પૂજ્ય બાપુની ઐતિહાસિક દાંડીયાત્રાને રાજધાનીના માર્ગો પર સજીવન કર્યો. એ જ પ્રમાણે દેશના અન્ય રાજ્યો પણ તેમના રાજ્યમાં ગાંધીજીના કાર્યોને વણી લેતા પ્રસંગો ટેબ્લોમાં પ્રસ્તુત કર્યો.

વર્ષો પહેલા એક જમાનો હતો કે, જ્યારે નવી દિલ્હીની પ્રજાસત્તાક પરેડમાં ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ટેબ્લો રજૂ થતા. અગાઉ બળદ ગાડા અને હાથીને પણ ટેબ્લોમાં રજૂ કરવામાં આવ્યાં છે. જેમ જેમ વર્ષો પસાર થતાં ગયા તેમ તેમ સુરક્ષાના કારણે ટેબ્લોની સંખ્યામાં પણ ઘટાડો થતો ગયો. આ વખતે ૨૦૧૯માં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૭ તેમજ કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના છ ટેબ્લો મળીને કુલ ૨૩ ટેબ્લો રજુ થયાં. ટેબ્લોના નિર્માણ માટે પ્રત્યેક રાજ્યને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા એક ટ્રેક્ટર અને એક ટ્રોલી આપવામાં આવે છે.

**વિવિધ રાજ્યોમાંથી આવતા ટેબ્લો કલાકારો જ્યારે નવી દિલ્હીથી પરત ફરે છે ત્યારે તેમની આંખો ભરાઈ આવે છે**

૨૬મી જાન્યુઆરીએ નવી દિલ્હીની પ્રજાસત્તાક પરેડમાં ટેબ્લો રજૂ કરવા માટે સંરક્ષણ મંત્રાલયની મંજૂરીની પ્રક્રિયા પણ આગવી હોય છે. પ્રતિ વર્ષ મે-જૂન મહિનામાં ભારત સરકારના રક્ષા મંત્રાલય દ્વારા દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પત્ર પાઠવીને ટેબ્લો પ્રસ્તુત કરવા નિમંત્રણ આપવામાં આવતું હોય છે. આ પત્રના આધારે રાજ્ય તેમની ઉચ્ચ અધિકારીઓની કમિટી દ્વારા રાજ્યના મુખ્યમંત્રીશ્રીના પરામર્ષમાં ટેબ્લોનો વિષય નક્કી કરે છે. ત્યાર બાદ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયને ટેબ્લોની ડિઝાઈનના ચાર-પાંચ વિકલ્પો પસંદગી માટે મોકલી આપે છે.

રક્ષા મંત્રાલયની તજજ્ઞ સભ્યોની કમિટી આ ડિઝાઈનોની તલસ્પર્શી ચકાસણી કરે છે. આ તજજ્ઞ કમિટીમાં સંગીત, નૃત્ય, ચિત્રકલા, સ્થાપત્ય, પુરાતત્વીય નિષ્ણાત, ઈતિહાસવિદ જેવા ૧૧ તજજ્ઞ ખેરખાં સાહેબો હોય છે. લગભગ પાંચેક જેટલી બેઠકોમાં આ તજજ્ઞ કમિટીના સભ્યો ટેબ્લોની ડિઝાઈન લેવલના જરૂરી ફેરફારો સુચવતા હોય છે. એકવાર ડિઝાઈન ફાઈનલ થઈ ગયા પછી મોડેલનું સ્ટેજ આવે છે. સંબંધિત રાજ્યોએ તેમની મંજૂર થયેલી ડિઝાઈનના આધારે ટેબ્લોનું થ્રી ડી મોડેલ કમિટી સામે પ્રસ્તુત કરવાનું થતું હોય છે. આ મોડેલ લેવલની બેઠકો પણ લગભગ ત્રણેક વાર થતી હોય છે. ત્યારબાદ કમિટી સમક્ષ ટેબ્લોને અનુરૂપ મ્યુઝિક અને સોંગ રજૂ કરવાનું હોય છે. બેથી ત્રણ બેઠકોમાં ટેબ્લોને સુસંગત મ્યુઝિક અને ગીત ફાઈનલ કરવામાં આવે છે. ડિઝાઈન, મોડેલ અને સંગીતના ત્રણ તબક્કામાંથી પસાર થયા બાદ આરઆર કેમ્પસમાં ટેબ્લોના નિર્માણ કાર્ય માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા જગાની ફાળવણી કરવામાં આવે છે. અને પછી શરૂ થાય છે ખરેખર ભૌતિક રીતે ટેબ્લો નિર્માણ કરવાની પ્રક્રિયાનો તબકકો.

અહીં એક વાતનો ઉલ્લેખ કરવો જોઈએ કે, ડિસેમ્બર જાન્યુઆરી મહિનાઓમાં પાટનગર દિલ્હીના વાતાવરણમાં બેથી ત્રણ વાર જબરજસ્ત બદલાવ આવતો હોય છે. એક બાજુ કડકડતી ઠંડી ધ્રુજાવતી હોય અને બીજી બાજુ વરસાદી વાતાવરણના વિપરીત સંજોગોમાં પણ ટેબ્લો નિર્માતાઓ ઉત્સાહ અને ખંતપૂર્વક ટેબ્લો નિર્માણની કામગીરીમાં મચી પડ્યા હોય છે. આ વર્ષે પણ ૨૨ અને ૨૩ જાન્યુઆરીએ દિલ્હીમાં કરા સાથે જોરદાર વરસાદ પડ્યો અને ઠંડીનો પારો એકદમ ગગડી ગયો. આવા સંજોગોમાં પ્રતિવર્ષની જેમ જ આ વર્ષે પણ ટેબ્લો નિર્માતા તેમનો કર્મયોગ ઉત્સાહપૂર્વક બરાબર જાળવી રાખ્યો હતો. ગુજરાતના ટેબ્લો નિર્માણની ટીમ સાથે છેલ્લા બે-અઢી મહિનાથી કામે લાગેલા માહિતી ખાતાના અધિકારી શ્રી પંકજભાઈ મોદીએ આ જાણકારી સૌથી પહેલાં આ કોલમ લખવૈયાને વોટ્સએપ મેસેજમાં તસવીરો સાથે આપી ત્યારે મનોમન બોલાઈ ગયુ, ખરેખર આ કામ કરનારા સર્વે જવામર્દ ટેબ્લો નિર્માણના કર્મયોગીઓની કલા અને દેશપ્રેમને સલામ છે. ‘વ્ટિ જોબ ડીયર ઓલ.’ આરઆર મેદાનમાં સવારે અને સાંજે બે બે કલાક દેશભક્તિની ધૂન લાઉડ સ્પીકર ઉપર રેલાતી હોય ત્યારે જબરજસ્ત રાષ્ટ્રપ્રેમના ઝનૂનથી આખું વાતાવરણ થનગની ઉઠતું હોય છે. મેદાનમાં એક ‘ઝનકાર‘ નામનું ઓડિટોરીયમ છે. અહીં તમામ રાજ્યોના કલાકારો તેમનો રિયાઝ કરતા હોય છે. પ્રતિ વર્ષ ૨૧ જાન્યુઆરીએ દેશભરમાંથી આવેલા કલાકારોના કાર્યક્રમોની અહીં ઝનકાર ઓડિટોરિયમમાં એક સ્પર્ધા યોજાતી હોય છે. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી આપીને નવાજવામાં આવે છે. ૨૩મી જાન્યુઆરીએ ગ્રાન્ડ રિહલસલ થતું હોય છે. ટેબ્લો નિર્માણના ત્રીસ ચાલીસ દિવસ સુધી સતત એકબીજાની સાથે રહેતા વિવિધ રાજ્યોના ટેબ્લો નિર્માતાઓ અને કલાકારો વચ્ચે ઘનિષ્ટ મિત્રાચારી થઈ જતી હોય છે. જ્યારે પોત પોતાના રાજયમાં પાછા જવાનો સમય આવે ત્યારે આ બધા એકમેકને ભેટીને ટાટા, બાય-બાય કહેતા હોય છે. આ સમય અત્યંત ભાવુક હોય છે. તેમની આંખોના ખૂણા રીતસર ભીનાં થઈ જતા હોય છે. એકતા, અખંડિતતા અને ભાઈચારાની ભાવનાના પવિત્ર વાતાવરણનું આરઆર મેદાન પ્રતિવર્ષ સાક્ષી બનતું હોય છે.

આ સમયગાળા દરમિયાન દરેક રાજયના કલાકારોને દેશના રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી ઉપરાષ્ટ્રપતિશ્રી એક એક દિવસ હાઈ-ટી માટે બોલાવતા હોય છે. વિવિધ રાજ્યમાંથી આવેલા કલાકારો દેશના આ વરિષ્ઠતમ પદાધિકારીઓ સામે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરતા હોય છે. ૨૬મી જાન્યુઆરીએ દિલ્હી સ્થિત વિશ્વના તમામ દેશોના રાજદૂતો તથા દેશ-વિદેશના મહાનુભાવો ઉપરાંત મોટી સંખ્યામાં નગરજનો તથા સહેલાણીઓ ભારતની આ શાનદાર પ્રજાસત્તાક પરેડમાં ભારતની સાંસ્કૃતિક વિરાસતને નિહાળવા એકત્રિત થતા હોય છે. વિશ્વના મોટાભાગના દેશોમાં ભારતની પ્રજાસત્તાક પરેડનું ટીવી ઉપર જીવંત પ્રસારણ થતું હોય છે. પ્રતિવર્ષ ડિસેમ્બર-જાન્યુઆરીમાં નવી દિલ્હીમાં ‘મીની ભારત‘ના દર્શન થતા હોય છે અને દેશના ખૂણેખૂણામાંથી પ્રત્યેક ભારતવાસીઓના હૃદયના ઊંડાણમાંથી એક જ અવાજ સંભળાતો હોય છે, ‘ઝંડા ઊંચા રહે હમારા, વિશ્વ વિજયી તિરંગા પ્યારા...‘